પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૦ | ૧૦ જુન, ૨૦૧૯, સોમવાર; જ્યેષ્ઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### યુપીમાં ત્રણ પત્રકારોની ધરપકડ

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વિરૂદ્ધ આપત્તિજનક ટીકા કરવાના બે અલગ અલગ કેસમાં રાજ્યની પોલીસે એક ન્યૂઝ ચેનલના એમડી સહિત ત્રણ પત્રકારોની ધરપકડ કરી છે. યુપીના હજરતગંજ પોલીસ સ્ટેશનના અધિકારીએ મુખ્યમંત્રી વિરૂદ્ધ કોઈ જાણકારી વિના ન્યૂઝ ચેનલ પર કથિત ડીબેટ ચલાવવા બદલ ત્રણ પત્રકારો વિરૂદ્ધ કેસ દાખલ કર્યો છે.

### મોદીની યાત્રા માટે પાક.ને એરવે ખોલવા અપીલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ અને ૧૪ જૂને શાંઘાઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ અને ૧૪ જૂને શાંઘાઈ સહયોગ સંગઠ્નની બેઠક માટે કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક જશે. ભારતે પાકિસ્તાનને અપીલ કરી છે કે તેઓ પીએમ મોદીની કિર્ગીસ્તાન યાત્રા માટે તેમનો એરવે ખોલે. બાલાકોટ એરસ્ટ્રાઈક બાદ ભારત-પાકે એકબીજા માટે પોતાના એરવેને બંધ કર્યા હતા.

### નવિન પટનાયક મોદીને મળશે

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક દિલ્હી પહોંચ્યા છે. અહીં તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળશે. ઓડિશામાં ફેની તોફાનથી થયેલા નુકશાનના વળતર મામલે તેઓ મોદી સાથે વાતચીત કરશે. તેઓ નીતિ આયોગની બેઠકમાં ભાગ લેશે.

# જેડીયુ માત્ર બિહારમાં જ એનડીએ સાથે

### જેડીયુની કારોબારીની મિટિંગમાં નીતિશકુમારનો નિર્ણય : જેડીયુ એનડીએથી નાખુશ નથી : દિલ્હી, કાશ્મીર, હરિયાણામાં એકલા હાથે લડશે : નીતિશકુમાર

પટણા, તા. ૯

જનતા દળ યુનાઈટેડના પ્રમુખ અને મુખ્યમંત્રી નીતિશકુમારે આજે રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં સ્પષ્ટતા કરી હતી કે, આગામી ૨૦૨૦માં બિહાર વિધાનસભાની ચૂંટણીમાં તેમની પાર્ટી ભારતીય જનતા પાર્ટીની સાથે મળીને ચૂંટણી લડશે. બિહારમાં જેડીયુ એનડીએની સાથે રહેશે પરંતુ અન્ય રાજ્યોમાં જુદી જુદી રીતે ચૂંટણી લડવામાં આવશે. નીતિશકુમારે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, મનમાં કોઈપણ પ્રકારના ભ્રમ રાખવાની જરૂર નથી. બિહારમાં ૨૦૨૦માં પણ સાથે મળીને વિધાનસભાની ચૂંટણી



લડવામાં આવશે. એનડીએની સાથે જ જેડીયુ રહેશે. નીતિશકુમારે એમ પણ કહ્યું હતું કે, જેડીયુ બિહારમાં ભાજપની સાથે રહેશે પરંતુ રાજ્યની બહાર તે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. જેડીયુની કારોબારીની બેઠકમાં આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. બિહારની બહાર જેડીયુ એનડીએની સાથે રહેશે નહીં. જેડીયુ જમ્મુ કાશમીર, ઝારખંડ, હરિયાણા અને દિલ્હી જેવા રાજ્યોમાં એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. વડાપ્રધાન મોદીના શપથ કાર્યક્રમ દરમિયાનથી જ મંત્રીપદને લઈને કહેવામાં આવી રહ્યું છે કે, જનતા દળ યુનાઈટેડ ભારતીય જનતા પાર્ટીથી નારાજ છે. જો કે, આ તમામ બાબતોને જેડીયુના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે રદિયો આપ્યો હતો. થોડાક દિવસ પહેલા રાષ્ટ્રીય જનતા દળના વરિષ્ઠ નેતા રઘુવંશ પ્રસાદ સિંહે કહ્યું હતું કે, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર કોઈપણ સમયે ગુલાંટ મારી શકે છે. જો નીતિશકુમાર ગુલાંટ મારશે તો કોઈને પણ આશ્ચર્ય થવું જોઈએ નહીં. આવું પહેલા પણ થઈ ચુક્યું છે. રાષ્ટ્રીય લોકસમતા પાર્ટીના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહે પણ ભાજપને આ અંગેની સલાહ આપી હતી.

# ભાજપે બંગાળમાં મિશન ૨૫૦ પર કામ આરંભ્યું

નવી દિલ્હી, તા. ૯

લોકસભાની ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં શાનદાર દેખાવ કર્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ હવે વિધાનસભા ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પ્રદેશમાં ૨૦૨૧માં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ભારતીય જનતા પાર્ટીની નજર હવે બંગાળમાં પણ સત્તા હાંસલ કરી લેવાની છે. બંગાળ વિધાનસભાની ચૂંટણીને લઈને પોતાનીરણનીતિ હેઠળ ભાજપે બે મોરચા પર તૈયારી શરૂ કરી છે. સૌથી પહેલા ટીએમસીના જનાધાર ધરાવતા નેતાઓને પોતાની તરફેણમાં કરવા પ્રયાસો હાથ ધર્યા છે. જમીની સ્તર પર પોતાના સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો પણ શરૂ કરવામાં આવી ચુક્યા છે. ૨૯૪ વિધાનસભા સીટવાળા બંગાળમાં ભારતીય જનતા પાર્ટીએ મિશન ૨૫૦ નક્કી કરી દીધું છે. લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ કુલ ૪૨માંથી ૧૮ સીટ પર જીત મેળવી હતી જ્યારે તૃણમુલ કોંગ્રેસને ૨૨ સીટ પર જીત મળી હતી. ટીએમસીએ ભલે ભાજપ કરતા ચાર સીટો વધારે જીતી છે પરંતુ ભારતીય જનતા પાર્ટીએ બંગાળમાં ખળભળાટ મચાવી દીધો છે અને મજબૂતી સાથે એન્ટ્રી કરી દીધી છે. હવે મમતા બેનર્જીની હાલત પણ કફોડી દેખાઈ રહી છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું છે કે, લોકસભા ચૂંટણી માટે અમે ૨૩ સીટો જીતવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા હતા જે પૈકી ૧૮ સીટો ઉપર જીત મળી છે.

# કેરળ બાદ અન્ય રાજ્યોમાં મોનસુનની એન્ટ્રી

થિરુવંતનપુરમ, તા. ૯

કેરળમાં મોનસુનની એન્ટ્રી થઈ ગયા બાદ અન્ય વિસ્તારોમાં પણ દક્ષિણ પશ્ચિમ મોનસુનની ધીમી ગતિએ એન્ટ્રી થઈ રહી છે. મોનસુન હવે દક્ષિણી અરબ સાગર, લક્ષ્યદ્વીપના મોટાભાગના વિસ્તારો, દક્ષિણી તમિળનાડુના હિસ્સામાં પણ પહોંચી ગયું છે. આ વર્ષે દક્ષિણ પશ્ચિમ મોનસુનની શરૂઆત આશરે એક સપ્તાહ બાદ થઈ છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આગામી ૪૮ કલાકમાં એટલે કે મંગળવાર સુધી દક્ષિણ પશ્ચિમ મોનસુન પૂર્વોત્તર રાજ્યોના અન્ય કેટલાક વિસ્તાર સુધી પહોંચી જવાની શકયતા છે. કેરળમાં મોનસુન પહેલી જૂનથી શરૂ થઈ જશે તેમ માનવામાં આવી રહ્યું હતું પરંતુ એક સપ્તાહ મોડેથી તેની શરૂઆત થઈ હતી. એટલે કે શનિવારના દિવસે કેરળના દરિયાકાંઠા ઉપર મોનસુનની એન્ટ્રી થઈ હતી. હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મંગળવાર સુધી દક્ષિણ અરબસાગર, લક્ષ્યદ્વીપ અને કેરળ, તમિળનાડુના વિસ્તારો, બંગાળના અખાત, દક્ષિણ પશ્ચિમ, દક્ષિણ પૂર્વ, પૂર્વ મધ્ય અને ઉત્તરપૂર્વના વિસ્તારોમાં મોનસુનની એન્ટ્રી થઈ જશે. પવનની ગતિ ૬૦ કિલોમીટર પ્રતિકલાકની જોવા મળી રહી છે જેથી માછીમારો માટે પણ કેટલીક સુચના જારી કરવામાં આવી



ચુકી છે.

કેરળમાં મોનસુનની એન્ટ્રી પહેલા મોનસુનને લઈને લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. દેશના મોટાભાગના વિસ્તારો સિંચાઈ માટે વરસાદ ઉપર આધારિત છે. પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં મોટાભાગના જળાશયોમાં પાણીનું સ્તર ખુબ નીચે પહોંચી ગયું છે. સિંચાઈના વૈકલ્પિક સાધન નહીં હોવાના કારણે મોટાભાગના ગ્રામિણ વિસ્તારોમાં ચાર મહિના સુધી ચાલનાર મોનસુન સિઝન ઉપર આધારિત રહે છે. ગ્રામિણ વિસ્તારોમાં વરસાદને લઈને ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવે છે. મોનસુન સિઝનમાં વાર્ષિક વરસાદ ૭૫ ટકાની આસપાસ રહે છે. મોનસુનની એન્ટ્રીથી લોકોને ટૂંક સમયમાં જ ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગના કહેવા મુજબ દિલ્હીમાં મોનસુન સામાન્યરીતે ૨૯મી જૂનની આસપાસ પહોંચે છે. હવામાન વિભાગે આજે કહ્યું હતું કે, પાટનગરમાં બે ત્રણ દિવસનો વિલંબ થઈ શકે છે.

ગાંધીનગરમાં



વલસાડી કેસર કેરી

(કાર્બન ફ્રી) (ઓર્ગેનીક)

સ્થળ : 'અનુરાગ', ૧૮૮, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર

રીડેક એગ્રો. પ્રા. લિ.

# લાપત્તા વિમાનની માહિતી આપનારને પાંચ લાખ

ગુવાહાટી, તા. ૯

અરુણાચલ પ્રદેશમાં ગ્રામીણ વિસ્તારમાં છ દિવસ અગાઉ લાપત્તા થયેલા એએન-૩૨ પરિવહન વિમાનની હજુ સુધી કોઈ ભાળ મળી નથી. હવે આની ભાળ મેળવવા માટે ઈન્ડિયન એરફોર્સ દ્વારા કોઈપણ પ્રકારની માહિતી આપનારને પાંચ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. છ દિવસથી અભૂતપૂર્વ સર્ચ કામગીરી ચાલી રહી છે પરંતુ કોઈ માહિતી મળી શકી નથી.

આખરે પાંચ લાખના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. વિમાન અંગે માહિતી આપવા માટે ફોન નંબરો જે જારી કરવામાં આવ્યા છે તેમાં ૯૪૩૬૪૯૯૪૭૭, ૯૪૦૨૦૭૭૨૬૭, ૯૪૦૨૧૩૨૪૭૭નો સમાવેશ થાય છે. આ નંબર પર ફોન કરીને માહિતી આપી શકાય છે. ભારતીય હવાઈ દળના લાપતા થયેલા એએન-૩૨ વિમાનની શોધખોળ જારી રહી હોવા છતાં હજુ સુધી કોઈ માહિતી ન મળતા પરિવારના સભ્યોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. લાપત્તા થયેલા વિમાનમાં રહેલા લોકો બચ્યા છે કે કેમ તેને લઈને હવે આશા ઓછી દેખાઈ રહી છે. કાટમાળ અંગે પણ ભાળ મળી નથી. હવાઈ દળે પણ સર્ચ ઓપરેશનમાં અન્ય વિમાનોને તૈનાત કર્યા છે. જેમાં સુખોઈ-૩૦, સી-૧૩૦ જે વિમાન અને એમઆઈ-૧૭ અને એએલએચ હેલિકોપ્ટરની મદદ પણ લેવામાં આવી રહી છે.

લાપતા વિમાને આસામના જોરહાટથી સોમવારના દિવસે બપોરે ઉઠાણ ભરી હતી. આ વિમાન અરૂણાચલ પ્રદેશના મેચુકા તરફ જઈ રહ્યું હતું પરંતુ ૩૫ મિનિટના ગાળા બાદ જ આ વિમાનનો સંપર્ક તુટી ગયો હતો. સેના, ભારત-તિબેટ સરહદ પોલીસ અને અન્ય સરકારી તથા નાગરિક સંસ્થાઓ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે પરંતુ વિમાનના સંદર્ભમાં કોઈ માહિતી મળી શકી નથી. આ વિમાનમાં ૧૩ લોકો મુસાફરી કરી રહ્યા હતા.




